# શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન,પેટલાદ

વર્ષ: 2022-2023

કાર્યકારી આચાર્યશ્રી,
ડૉ.નયનાબેન શુક્લ
Mo.:9428799645

વુમન ડેવલપમેન્ટ સેલ કો-ઓર્ડીનેટર,
ડૉ.શ્વેતાબેન ચૌહાણ
Mo.:9106010903

## વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત યોજાયેલ કાર્યક્રમનો અહેવાલ


### શૈક્ષણિક વ્યાખ્યાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશનમાં તારીખ:23/07/22ને શનિવારના રોજ વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત "હમ ભારત કી નારી હૈ , ફુલ નહીં ચિનગારી હૈ"વિષય પર તજજ્ઞશ્રીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે સુશ્રી હિરલબેન ઠાકર ( ચીફ ઓફિસર ,અમદાવાદ ઝોન પ્રા. કમિશ્નર કચેરી ) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થીઓએ પ્રાર્થનાથી કરી હતી.મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું. મહેમાનશ્રીનો પરિચય અધ્યાપિકા ડૉ.શ્વેતાબેન ચૌહાણ દ્વારા આપવામાં આવ્યો હતો. મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થી બહેનો દ્વારા સ્ત્રી સશક્તિકરણ અંગેનું સુંદર અભિનય ગીત રજૂ કરવામાં આવ્યું હતું. હિરલ ઠાકર મેડમે પોતાની આગવી શૈલીમાં ખૂબ જ તલસ્પર્શી ઊંડાણપૂર્વક તજજ્ઞ વ્યાખ્યાન આપી સર્વેને લાભાન્વિત કર્યા હતા. હિરલબેનને સ્મૃતિભેટ પ્રશિક્ષણાર્થી શિવાંગીબેન ચૌધરી ના વરદ હસ્તે અર્પણ કરવામાં આવી.કાર્યક્રમના અંતે આભાર દર્શન પ્રશિક્ષણાર્થી હેતલબેન ગોસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ , નયનાબેન પટેલ , તારાલક્ષ્મી મહિલા પુસ્તકાલયની બહેનો , અરુણાબેન પાઠક , અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો સાથે નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રશિક્ષણાર્થી બહેનો રિયાબેન પરમાર અને ધરતીબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.



NShukla 4/2023
કાર્યકારી આચાર્ય
શ્રીમતી એસ. આઇ. પટેલ ઇપ્કોવાળા
કોલેજ ઓફ એજયુકેશન, પેટલાદ.

Scanned by CamScanner







હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ

સંસ્થા દ્વારા તારીખ: 21/09/2022 બુધવારના રોજ વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત ગુજરાત સરકાર ડોક્ટર સેલ દ્વારા આણંદ જિલ્લા ભાજપ પ્રભારી ડૉ. રાજુભાઈ કે. ત્રિવેદી સાહેબની અધ્યક્ષતામાં હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પેટલાદના ડૉ.જીગરભાઈ જોશી સાહેબ, પેટલાદ નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, પેટલાદ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અલકાબેન કાછિયા, પેટલાદ ભાજપ મહિલા મોરચા મહામંત્રી જયશ્રીબેન ત્રિવેદી,સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ,અધ્યાપકશ્રીઓ, પ્રશિક્ષણાર્થીઓ તથા આર.કે. પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,પેટલાદની બહેનો પણ હિમોગ્લોબીન ચેકઅપ માટે હાજર રહી હતી.



N Shukla
25/4/2023
કાર્યકારી આચાર્ય
શ્રીમતી એસ. આઇ. પટેલ ઇપ્કોવાળા
કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ.

Scanned by CamScanner



હસ્ત લિખિત અંક "નારી શક્તિ"

સંસ્થામાં તારીખ: 08/10/2022ને શનિવારના રોજ વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ હસ્ત લિખિત અંક "નારી શક્તિ" નું વિમોચન શ્રીમતી જયશ્રીબેન દવે (પૂર્વ આચાર્ય, આઈ.પી.મિશન ગર્લ્સ હાઈસ્કુલ,આણંદ) દ્વારા કરવામાં આવ્યું હતું. આ હસ્ત લિખિત અંકનું માર્ગદર્શન કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ તથા અધ્યાપિકા ડૉ.રોશનીબેન દેસાઈ દ્વારા આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુકલ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.







NTShukla
૨૭/૦૪/૨૦૨૩
કાર્યકારી આચાર્ય
શ્રીમતી એસ. આઇ. પટેલ ઇપ્કોવાળા
કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ

Scanned by CamScanner